**<u>વાદી જનકબા મહીપતસિંહ જાડેજાની આંક–૨૪ ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૩ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી, ડી.એમ.દંગી</u>**

(૧) હું અભણ છું. મારા લખાવ્યા મુજબ હાલનો દાવો લખાયેલ છે. એ વાત ખરી છે કે, મેં દાવો લખાવેલ હોવાથી મને આ કેસની હકીકતો ખબર છે. સજુભા મારા દાદા થાય છે. પ્રતિવાદી નં. ૧ મહીપતસિંહ મારા પિતા થાય છે. સજુભાના નામે કેટલા સર્વે નંબરવાળી જમીન હતી તે મને યાદ નથી. દાવાવાળી જમીનનો સર્વે નંબર શું છે તેની મને ખબર નથી. દાવાવાળી જમીન સાડા બાર વીઘા છે. શકિતસિંહ મારા ભાઈ થાય છે. ગીતાબા મારી ભત્રીજી થાય છે. ત્રણ બહેનોના ત્રણ ભાગ અને ચોથો ભાગ શકિતસિંહનો હોય. મારા પિતા પાસે કેટલા વીઘા જમીન હતી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારા પિતાએ શકિતસિંહને જે જમીન આપેલી તેનું નામ વણકી છે. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનની ચર્તુદીશા હાલના દાવામાં લખેલ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન મેં જોયેલ નથી.

આ તબ્બકે પ્રતિવાદી નં. ૩ તર્ફે મુદત અરજી આવતા ઉલટતપાસ મુલતવી.

તા.૧૦/૦૭/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.
17:12 PM

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧